# <u>ભારતીય મગફળી સંશોધન સંસ્થા (ICAR- IIGR )</u>
# <u>ઈવનગર રોડ, જૂનાગઢ, ગુજરાત</u>

ફાર્મ /હરાજી/૨૫-૨૬/ તારીખ: ૧૨-૧૨-૨૦૨૫

## <u>ઉનાળુ ઋતુ માટે કરાર આધારિત ખેતી દ્વારા સંસાધન ઉત્પાદન માટેની જાહેર હરાજી</u>

આથી રસ ધરાવતા ખેડૂત ભાઈઓ/સંસ્થાઓ ને જણાવવાનું કે ભારતીય મગફળી સંશોધન સંસ્થા ઇવનગર રોડ, જૂનાગઢ ખાતે આવેલ ફાર્મ માં અંદાજીત ૬૦ વીઘા જમીન ઉનાળુ ઋતુ ,૨૦૨૬ માં એક સીઝન માટે કરાર આધારિત સંસાધન ઉત્પાદન માટે આપવાની છે. આથી રસ ધરાવતા ખેડૂત ભાઈઓ/સંસ્થાઓ એ સ્થળ પર નિરીક્ષણ કરી ને સીલબંધ કવર માં વીઘા દીઠ ભાવ ભરી ને **તારીખ ૨૯-૧૨-૨૦૨૫ ને સોમવાર** ના દિવસે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી ફાર્મ મેનેજમેન્ટ કમિટી ની હાજરી માં રૂબરૂ માં જમા કરાવવાના રહેશે. ઇચ્છુક વ્યક્તિઓ એ વેબસાઈટ પર ઉપલબ્ધ અથવા રૂબરૂ માં ફાર્મ વિભાગ માંથી શરતો ની નકલ મેળવી વાંચી, સમજી ને સીલબંધ કવર માં વીઘા દીઠ ભાવ લખી ને સાથે લાવવાનું રહેશે ( જેમાં લાઈટ બીલ સામેલ છે , લાઈટ બીલ અલગ થી લેવામાં આવશે નહીં ). સીલબંધ કવર જમા કરાવનારને અગાઉથી જાણ કરી ને સમિતિ ની હાજરી માં કવર ખોલવામાં આવશે. કવર ખોલતા પહેલા રૂપિયા ૧૦૦૦૦ ( રૂપિયા દસ હાજર પુરા ) રોકડા ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ જમા કરાવનાર નું જ કવર ખોલવામાં આવશે . સ્થળ પર નિરીક્ષણ માટે સોમવાર થી શુકવાર સવારના ૯ થી સાંજના ૫. ૩૦ સુધી અત્રેની કચેરી નો રૂબરૂ સંપર્ક કરી શકાશે . તમામ શરતો તથા વધુ વિગત માટે સંસ્થા ની વેબસાઈટ **www. dgr.org.in** અથવા **www. icar-iigr.org.in** ની મુલાકાત લેવી.

**ઉનાળુ ઋતુ માટે કરાર આધારિત ખેતી દ્વારા સંસાધન ઉત્પાદન માટેની શરતો**

**૧.** ઉનાળુ ઋતુ માં એક સીઝન માટે અંદાજીત ૬૦ વીઘા જમીન વીઘા પ્રમાણે કરાર આધારિત આપવાની છે આ વિસ્તાર માં વધારો કે ઘટાડો પણ થઇ શકે છે. વાવેતર ના વાસ્તવિક વિસ્તાર ના આધારે ચુકવણું કરવાનું રહેશે.આઈ.આઈ .જી.આર ઓફીસ માત્ર જમીન, પાણી અને વીજળી આપશે . બિયારણ, ખાતર, દવા , મજુરી તથા અન્ય તમામ ખર્ચ જમીન રાખનારનો રહેશે.

**૨.** હરાજી માં ભાગ લેનાર વ્યક્તિઓ એ શરતો વાંચી સમજી ને વીઘા દીઠ ભાવ સીલબંધ કવર માં જમા કરાવવાનું રહેશે . ( જેમાં લાઈટ બીલ સામેલ છે , લાઈટ બીલ અલગ થી લેવામાં આવશે નહીં ) સીલબંધ કવર જમા કરાવનારને અગાઉથી જાણ કરી ને સમિતિ ની હાજરી માં કવર ખોલવામાં આવશે. કવર ખોલતા પહેલા રૂપિયા ૧૦૦૦૦ ( રૂપિયા દસ હાજર પુરા ) રોકડા ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ જમા કરાવનાર નું જ કવર ખોલવામાં આવશે. અસફળ ઉમેદવારોને ડીપોઝીટ પરત કરી આપવામાં આવશે .

**3.** જમીન જે છે તે જ સ્થિતિ માં આપવાની છે તેમાં જરૂરી ખેતીકાર્ય ( ખેડ વગેરે ) કરાર આધારિત જમીન કોન્ટ્રાકટ પર રાખનાર વ્યક્તિ એ કરવાનું રહેશે. સીઝન પૂર્ણ થયા બાદ સંભાળી હતી તે જ સ્થિતિ માં પરત આપવાની રહેશે.

**૪.** સફળ થનાર વ્યક્તિ એ હરાજી ની કુલ રકમ ના ૨૫ % રકમ એક અઠવાડિયા ની અંદર જમા કરાવવાની રહેશે ત્યારબાદ જ જમીન માં કામ કરવા પ્રવેશ આપવામાં આવશે , બાકીની ૭૫ % રકમ પાક ની કાપણી બાદ ૧૦ દિવસ માં જમા કરાવવાની રહેશે ત્યારબાદ જ પાક ઉત્પાદન ને બહાર લઇ જવા દેવામાં આવશે.

**૫.** કાર્યાલય દ્વારા એક વખત બધી જ મોટર ચાલુ કરી ને બતાવવામાં આવશે ત્યારબાદ રીપેરીંગ વગેરે ની બધી જ જવાબદારી જમીન રાખનાર ની રહેશે અને છેલ્લે જમીન પરત સોંપતી વખતે બધી જ મોટર ચાલુ કંડીશન માં સોંપવાની રહેશે.

**૬.** કરાર આધારિત જમીન રાખનાર વ્યક્તિ એ ઉનાળુ પાકો મગ,અડદ અથવા તલ ના પાક નું જ વાવેતર કરવાનું રહેશે .

**૭.** સ્થળ પર નિરીક્ષણ માટે સોમવાર થી શુકવાર સવારના ૯ થી સાંજના ૫. ૩૦ સુધી અત્રેની કચેરી નો રૂબરૂ સંપર્ક કરી શકાશે

**૮.** સીઝન દરમ્યાન વરસાદ, વાવાઝોડું કે અન્ય કુદરતી આફત થી પાક ને નુકસાન થશે તેની જવાબદારી કોન્ટ્રાકટ રાખનાર ની રહેશે.

**૯.** પિયત માટે જરૂરી પાઇપ જે ફાર્મ વિભાગ હસ્તક છે તેનો ઉપયોગ કરી શકાશે. કામ પૂર્ણ થયા બાદ સ્ટેન્ડ પર ગોઠવી દેવાના રહેશે . જેટલા HDPE પાઈપ ઉપલબ્ધ છે તેનો જ ઉપયોગ કરવાનો રહેશે વધારાના પાઈપ મળશે નહિ

**૧૦.** જમીન ની કુલ મુદત તારીખ ૧૫-૦૧-૨૦૨૬ થી ૩૧-૦૫-૨૦૨૬ સુધી ની રહેશે

**૧૧.** પાક તૈયાર થયા બાદ 10 દિવસ માં ઓફીસ માંથી નિકાલ કરવાનો રહેશે તથા સંપૂર્ણ રકમ જમા કરાવ્યા બાદ જ માલ લઇ જવા દેવામાં આવશે.

**૧૨.** સંપૂર્ણ પાક સીઝન દરમ્યાન કોઈ પણ પ્રકાર ની દુર્ઘટના કે અકસ્માત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કરાર આધારિત જમીન રાખનાર ની જ રહેશે જેની ખાસ નોંધ લેવી .

**૧૩.** સીઝન દરમ્યાન સંસ્થા ની કોઈપણ માલ મિલકત ને નુકસાન થશે તો જમીન રાખનારે રીપેર કરાવી આપવાની રહેશે

**૧૪.** બધા જ પ્રકાર નું પેમેન્ટ કાર્યાલય માં ઓનલાઇન/RTGS દ્વારા કરવાનું રહેશે.

**૧૫.** હરાજી ના કોઈપણ સ્તરે કોઈપણ પ્રકારનું કારણ દર્શાવ્યા વગર હરાજી રદ કરવાનો સંપૂર્ણ અધિકાર ડાયરેકટર, આઈ.આઈ.જી.આર. જૂનાગઢ નો રહેશે